પત્રક ભાગ-૩
પંદરમી ગુજરાત વિધાનસભા

# શુક્રવાર, તા.૨૪મી જુલાઇ, ૨૦૨૬

## ૪૦૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક :-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૧૪/૦૭/૨૦૨૬ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ સમિતિ ખંડ-૨માં મળી હતી.

સમિતિની આ બેઠકમાં નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ હેઠળ **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા જિલ્લા/તાલુકાઓમાં નર્મદાના પાણીની સિંચાઈ સુવિધા માટેની જુદી-જુદી યોજનાઓની અમલવારી** અંગેની તપાસ હાથ ધરવામાં આવી હતી.
સમિતિની ઉક્ત બેઠકમાં જળસંપત્તિ વિભાગ હેઠળની નર્મદાના પાણીની સિંચાઈ સુવિધા માટેની સુજલામ સુફલામ યોજના અને સૌની યોજના અન્વયેના બાકી કામો વિશે ચર્ચા-વિચારણા કરી હતી. સમિતિની આગામી બેઠકમાં સરદાર સરોવર (નર્મદા) યોજનાની તપાસ હાથ ધરવાનું સૂચન કરીને સમિતિએ વિભાગની તપાસ મુલતવી રાખી હતી.

સમિતિની બેઠક બપોરના ૧૨:૫૨ કલાકે પૂરી થઈ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડયા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**